ધોરણ-૮ થી ૧૦માં અભ્યાસ કરતી વિદ્યાર્થીનીઓ માટે નિઝર ખાતે કન્યા છાત્રાલય શરૂ કરવા માટેની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
આદિજાતિ વિકાસ વિભાગ,
ઠરાવ ક્રમાંક: પવછ/૧૫૨૦૧૪/ન.બા.૬૬/ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૩૦/૦૭/૨૦૧૪.

વંચાણે લીધા:-

(૧) કમિશનરશ્રી (આ.વિ.) ની કચેરીનો તા.૨૦/૦૫/૨૦૧૪નો પત્ર નં:- આવિ/છતલ/૧/૨૦૧૪-૧૫/૯૨૮ થી ૯૨૯.

ઠરાવ:-

અનુસૂચિત જનજાતિના મોટાભાગના લોકો ઉંડાણવાળા જંગલ વિસ્તારમાં રહેતા હોય છે. તેઓની આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેઓ તેમના બાળકોને દુરના સ્થળે ઉચ્ચ અભ્યાસ માટે મોકલી શકતા નથી. જેને કારણે તેઓ શિક્ષણથી વંચિત રહેવા પામે છે. અનુસૂચિત જનજાતિના આવા જરૂરિયાતવાળા બાળકોને મફત રહેવાની અને જમવાની વ્યવસ્થા મળી રહે. તે માટે રાજ્ય સરકાર દ્વારા જુદાજુદા સ્થળોએ છાત્રાલયો ચલાવવામાં આવે છે. પરંતુ છાત્રાલયની અપુરતી સંખ્યાના કારણે ઘણા વિદ્યાર્થીઓને રહેવાની અગવડના કારણે શિક્ષણથી વંચિત રહેતા હોય છે. રાજ્યમાં અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓ તેમની નબળી આર્થિક સ્થિતિને કારણે શિક્ષણથી વંચિત ન રહે તેમજ આ વર્ગના વિદ્યાર્થીઓમાં શિક્ષણનું પ્રમાણ વધે અને વધુને વધુ વિદ્યાર્થીઓ શિક્ષણનો લાભ મેળવે તે હેતુસર આદિજાતિ વિસ્તારમાં ધોરણ-૮ થી ૧૦માં અભ્યાસ કરતી આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે નિઝર ખાતે સરકારી કન્યા છાત્રાલય શરૂ કરવા ઉપર વંચાણે લીધેલ ક્રમાંક (૧) ના પત્રથી રૂ.૧૫.૫૨ લાખની નવી બાબતની દરખાસ્ત કરવામાં આવેલ. જેની વહીવટી મંજૂરીની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાના અંતે આદિજાતિ વિસ્તારમાં ધોરણ-૮ થી ૧૦માં અભ્યાસ કરતી આદિજાતિ વિદ્યાર્થીનીઓ માટે નિઝર ખાતે સરકારી કન્યા છાત્રાલય શરૂ કરવા માટે રૂ.૧૫.૫૨ લાખની નવી બાબતને નીચેની શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

આ છાત્રાલય માટે નીચે મુજબનું મહેકમ મંજૂર કરવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | વર્ગ | સંખ્યા | પગાર ધોરણ |
|---|---|---|---|---|
| ૧ | આ.લે.સુ./ વોર્ડન | ૩ | ૧ | રૂ.૯૩૦૦-૩૪૮૦૦ ગ્રેડ-પે ૪૪૦૦ |
| ૨ | જૂનિયર ક્લાર્ક | ૩ | ૧ | રૂ.૫૨૦૦-૨૦૨૦૦ ગ્રેડ-પે ૧૯૦૦ |
| ૩ | પટાવાળા | ૪ | ૧ | આઉટ સોર્સીંગથી ફીક્સ પગાર |
| ૪ | ચોકીદાર | ૪ | ૧ | આઉટ સોર્સીંગ |

| | | | | |
|---|---|---|---|---|
| ૫. | સફાઇ કામદાર | ૪ | ૧ | આઉટ સોર્સીંગથી ફીક્સ પગાર |
| ૬. | રસોયા | ૪ | ૧ | આઉટ સોર્સીંગથી ફીક્સ પગાર |
| ૭. | રસોડા કામદાર | ૪ | ૧ | આઉટ સોર્સીંગથી ફીક્સ પગાર |

ઉપરોક્ત પત્રકના ક્રમ (૧) અને (૨) સામેની વર્ગ-૩ જગ્યાઓ નિયમિત પગાર ધોરણમાં ઉભી કરી સરકારશ્રીના પ્રવર્તમાન નિયમોનુંસાર ફીક્સ પગારથી ભરવાની રહેશે. જ્યારે ક્રમ (૩) થી (૭) સામે દરેક સંવર્ગની ૧ (એક) જગ્યા મુજબ કુલ-૫ (પાંચ) જગ્યાઓ સામાન્ય વહીવટ વિભાગના ઠરાવ અન્વયે આઉટસોર્સથી કામગીરી લેવાની રહેશે.

શરતો:-

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણા વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિદ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) રાજ્ય સરકાર દ્વારા વખતોવખત નિયત કાર્યભારણનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૭) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રવર્તમાન ખરીદનીતિની જોગવાઇઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૮) આઇ.ટી. સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૯) આ કામના ટેન્ડર પ્રોસેસીંગમાં સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૦૬ના ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૦૫/૧૪૦૭/ચ. માં ઈ-ટેન્ડરીંગ અંગે આપવામાં આવેલ સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૦) વર્ગ-૩ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઇ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે આવતી હોય તો નાણા વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૬/૨૦૦૯ના ઠરાવથી અમલી બનેલ ફીક્સ પગારની નીતિ અને તેમાં વખતોવખત થયેલ સુધારાઓની જોગવાઇઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૧૧) જે તે જગ્યાઓના પગારધોરણો આર.ઓ.પી.-૨૦૦૯ પ્રમાણે છે કે કેમ તે અંગેની ખાતરી કરી લેવાની રહેશે.

(૧૨) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂંક મળ્યા બાદ નાણા

ની જોગવાઇ પ્રમાણે રાજ્ય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધીત પેન્શન યોજના તેમજ તે અંગેના વખતો-વખત થયેલ સુધારા લાગુ પાડવાના રહેશે.

(૧૩) આ જગ્યાઓ ભરતી વખતે અનામતનું ધોરણ નિયમોનુસાર જળવાય તે જોવાનું રહેશે. આ જગ્યાઓ ભરતી વખતે બેકલોગની જગ્યા હોય તો તેને અગ્રિમતા આપવાની રહેશે.

(૧૪) આ જગ્યાઓ ઉપરની ભરતી સરકારશ્રીના જે તે જગ્યાના પ્રવર્તમાન પરીક્ષા નિયમો અને નિયત ભરતી પદ્ધતિને અનુસરીને કરવાની રહેશે.

(૧૫) કોમ્પ્યુટરની જાણકારી માટે પ્રવર્તમાન ભરતી નિયમોનુસાર ઉમેદવાર નિયત થયેલ કોમ્પ્યુટર કૌશલ્યની પરીક્ષા પાસ કરેલ/ લાયકાત ધરાવતા હોવા જોઇએ.

(૧૬) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદત પુરી થતાં પહેલાં દરખાસ્ત રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

(૧૭) વર્ગ-૪ની જગ્યાઓની કામગીરી સામાન્ય વહીવટ વિભાગના તા.૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઇ મુજબ થયેલ બજેટ જોગવાઇની મર્યાદામાં આઉટસોર્સિંગથી કરવાની રહેશે.

(૧૮) નવી મંજૂર કરેલ જગ્યાઓ જે તે નાણાકીય વર્ષના અંત સુધી ચાલુ રાખવાની મંજૂરી રાખવાની મંજૂરી આપવામાં આવે છે. ત્યારબાદ જગ્યાઓ વખતો-વખત ચાલુ રાખવાની થાય તો વિભાગે જગ્યાઓ લંબાવવાની દરખાસ્તની મુદ્દત પૂરી થતાં પહેલાંના એક માસ અગાઉ નાણાકીય સલાહકારશ્રીને રજૂ કરી જગ્યા વધુ સમય ચાલુ રાખવાની મંજૂરી મેળવી લેવાની રહેશે.

૨. આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંક: ૯૬ (આયોજન), મુખ્ય સદર: ૨૨૨૫- અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ, પેટા મુખ્ય સદર:- ૦૨- અનુસૂચિત આદિજાતિઓનું કલ્યાણ, ગૌણ સદર: ૭૯૬, આદિજાતિ વિસ્તાર પેટા યોજના, પેટા સદર -૧૫ બીસીકે - ૧૭૦ સરકારી છાત્રાલયોની સ્થાપના અને વિકાસ હેઠળ થયેલ ચાલુ વર્ષની જોગવાઇમાંથી મેળવવાનું તેમજ ઉધારવાનું રહેશે.

૩. આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની નાણાવિભાગની તા.૨૦/૦૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(નરેન્દ્ર વાઘેલા)
સેકશન અધિકારી
આદિજાતિ વિકાસ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

મહામહિમ રાજ્યપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.

માનનીય મુખ્ય મંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

માનનીય રા.ક. મંત્રીશ્રી, આદિજાતિ વિકાસના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

અગ્રસચિવશ્રી, આદિજાતિ વિકાસ વિભાગના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.

સચિવશ્રી, માર્ગ અને મકાન વિભાગ, સચિપ્વાલય, ગાંધીનગર.

કમિશનરશ્રી, આદિજાતિ વિકાસ, બિરસા મુંડા ભવન, સચિવાલય, ગાંધીનગર, તરફ જાણ તેમજ ઘટતી કાર્યવાહી સારૂ.

નાણા સલાહકારશ્રી, (આ.વિ.), બ્લોક નં-૧૪/૨, સચિવાલય, ગાંધીનગર.

મહાલેખાકારશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ, રાજકોટ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

સર્વે જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

ઉપસચિવશ્રી (બજેટ), આદિજાતિ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

શાખા સિલેક્ટ ફાઇલ.